૨૬ રાષ્ટ્રભક્તિની સંજીવની

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' મનુષ્યને પ્રબોધન કરતો સારગ્રંથ છે, જે માતૃભૂમિ કાજે પ્રાણાર્પણ કરનાર શહીદ વીરો માટે પ્રેરક અને પ્રોત્સાહક છે. સાહસ, શૌર્ય, વીરતા, ધૈર્ય અને બલિદાનની ભાવનાનો આવિર્ભાવ અને સિંચન કરનાર ગ્રંથ છે. દેશભક્ત લાલ, બાલ, પાલ, સુભાષચંદ્ર બોઝ, ગાંધીજી વગેરે સ્વાતંત્ર્યવીરોના જીવનમાં ગીતાએ કઈ રીતે મનોબળ પૂરું પાડયું છે તેની લાક્ષણિક ઢબે આ પ્રેરક નિબંધમાં સદૃષ્ટાંત રજૂઆત કરી છે.

ભારતીય સંસ્કૃતિની વિરલ ધરોહર શ્રીમદ્ ભગવદ્ ગીતા 18 અધ્યાય, 700 શ્લોકથી સુગ્રથિત છે. ગીતાનું પરમ લક્ષ્ય માનવમાત્રનું કલ્યાણ છે, જે કેવળ કોઈ વિશેષ ધર્મ, જાતિ કે વ્યક્તિ માટે નથી પરંતુ માનવમાત્ર માટે ઉપકારી છે. કોઈ પણ દેશ, સંપ્રદાય, સમુદાય, જાતિ કે વર્ણની વ્યક્તિ કેમ ના હોય, જો તે ગીતાનું થોડું ઘણું પણ અનુસરણ કરે તો તેનું જીવન સાર્થક બની જાય છે. આ બાબતની પુષ્ટિ કરતા શહીદવીરોની હારમાળા ભારતના ભવ્ય ઇતિહાસમાં સુવર્ણાક્ષરે વર્ણિત છે.

સદીઓથી ભારતભૂમિની પ્રજા ગીતાના જ્ઞાનથી ઓતપ્રોત થતી આવી છે. ભારતીય સંસ્કૃતિના ખોળામાં આળોટેલાં વીર, વીરાંગનાઓ અને મહાપુરુષોએ સંસ્કૃતિને અથાગ પ્રયત્નો વડે સુરક્ષિત, સંવર્ધિત કરી છે.

ભારતના ભવ્ય ઇતિહાસના આપણે સાક્ષી છીએ કે સમયે સમયે ભારત પર અનેક વિદેશી પ્રજાનાં આક્રમણો થયાં છતાં પણ આપણે સાંસ્કૃતિને સાચવીને અડગ ઊભા રહી વિશ્વમાંગલ્યની ભાવનાવાળી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી છે. તેનું એક મજબૂત કારણ એ છે કે ભારત દેશને સુરક્ષિત, અખંડિત અને સ્વતંત્ર બનાવવામાં અનેક મહાપુરુષોએ વિશ્વમાંગલ્યની ભાવનાથી સભર એવા ગીતાજ્ઞાનનું અવલંબન લીધું છે. ગીતાના જ્ઞાનસાગરમાં ડૂબકી મારીને પોતાની વૈયક્તિક ભાવનાને ગીતાના રંગે રંગીને રાષ્ટ્રભાવનામાં પરિવર્તિત કરી છે. સ્વાતંત્ર્યસંગ્રામના વીરોને જ્યારે ફાંસીની સજા આપવામાં આવી હતી ત્યારે તેઓએ ગીતાજ્ઞાનના બળે હસતે મુખે શહીદી વહોરી લીધી હતી. ગીતાના આ શ્લોકો આત્મબળ પૂરું પાડે છે.

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ (गीता 2.19)

(અર્થાત્ જે આ આત્માને હણનાર સમજે છે તથા જે એને હણાયેલ માને છે, તે બન્નેય જાણતા નથી; કેમ કે આ આત્મા વાસ્તવમાં નથી કોઈને હણતો કે નથી કોઈના દ્વારા હણાતો.)

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥ (गीता 2.23)

(અર્થાત્ આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ એને બાળી શકતો નથી, પાણી એને ઓગાળી શકતું નથી અને પવન એને સૂકવી શકતો નથી.)

ગીતાજ્ઞાનને આત્મસાત્ કરનારા વીરો 'ભારત માતાકી જય'ના બુલંદ નારા સાથે માભોમ કાજે શહીદ થતા. એક ફાંસીએ ચડે તો તે જ વસાહતમાંથી બીજા અનેક બહાદુરો ઊભા થતા હતા. આવા એક બહાદુર ખુદીરામ બોઝ 3 ડિસેમ્બર 1889માં પશ્ચિમ બંગાળના મીદનાપુર જિલ્લામાં જન્મ્યા હતા. તેમણે ગીતાનો આશ્રય લઈને દેશભક્તિનાં ગીતો ગાતાં ગાતાં આઝાદીની લડતમાં માત્ર 19 વર્ષની વયે પોતાના પ્રાણની આહુતિ આપી. બંગભંગ આંદોલનમાં આગળ રહીને ભાગ લેનાર ખુદીરામ બોઝને

જ્યારે મુઝફ્ફરપુરની જેલમાં ઈ.સ. 1908માં ફાંસી મળી હતી ત્યારે તેમના હાથમાં હતી ''શ્રીમદ્ ભગવદ્ ગીતા''. આ મહાગ્રંથમાં નિરૂપિત આત્માની અમરતાને તેમણે આત્મસાત્ કરી હતી.

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥ (ગીતા 2.24)

(અર્થાત્ આ આત્મા અચ્છેદ્ય (ન છેદી શકાય તેવો), અદાહ્ય (ન બાળી શકાય તેવો), અક્લેદ્ય (પલાળી ન શકાય તેવો), અશોષ્ય (ન શોષી શકાય તેવો) તથા નિત્ય, સર્વવ્યાપી, અચળ, સ્થિર તેમજ સનાતન છે.)

યુવાહૃદય સમ્રાટ વીર ભગતસિંહને એપ્રિલ 1929માં નેશનલ એસેમ્બલીમાં બૉમ્બ ફેંકવા બદલ જેલની સજા થઈ ત્યારે જેલ પ્રશાસન પાસે તેમણે શ્રીમદ્ ભગવદ્ ગીતા માંગી હતી. આ બાબત તત્કાલીન અંગ્રેજી દૈનિક ''ધ ટ્રિબ્યૂનલ''માં છાપવામાં આવી. તેનું મથાળું હતું. "S. Bhagatsinh wants Geeta". ભગતસિંહને જેલમાં આપવામાં આવેલ ગીતા આજે પણ લાહોરના ''શહીદ-એ-આઝમ'' નામના સંગ્રહાલયમાં રાખવામાં આવી છે. જેના પર વીર ભગતસિંહના હસ્તાક્ષર પણ જોવા મળે છે.

ડાબા હાથે જમણી બાજુની મૂછનો આંકડો ચઢાવતી છબીથી સૌ કોઈ પરિચિત હશે જ. તે છે મહાન દેશભક્ત ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદ. હંમેશાં તેઓ ડાબે ખભે યજ્ઞોપવીત, ખિસ્સામાં ગીતા અને કમરમાં પિસ્તોલ રાખતા. જ્યારે તેઓ ગુપ્તવાસમાં રહીને સ્વાધીનતા માટે બ્રિટિશ ક્રૂરતા સામે સંઘર્ષ કરી રહ્યા હતા, તે દિવસોમાં પણ તેઓ ગીતાનું નિત્ય સ્તવન કરતા હતા. ખૂબ જ દૃઢ પ્રતિજ્ઞાપાલક હતા. તેમની સદાચારિતા અને રગેરગમાં વ્યાપ્ત બહાદુરીના ઘણા પ્રસંગો પ્રચલિત છે. આ સદ્ગુણોનો પ્રેરણાસ્રોત ગીતા હતો.

ગીતા તત્કાલીન ક્રાંતિકારીઓ માટે મનોબળ વધારનારી બની રહી હતી અને તેમને સ્વતંત્રતાની ચળવળ માટેનો દાર્શનિક આધાર બની હતી.

स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥ (ગીતા 2.31)

(અર્થાત્ વળી, સ્વધર્મને જોતાં પણ તારે ભય પામવો ન જોઈએ; કેમ કે ક્ષત્રિય માટે ધર્મયુક્ત યુદ્ધથી વધીને બીજું કોઈ કલ્યાણકારી કર્તવ્ય નથી.)

એક મહાન વીર યોદ્ધા સુભાષચંદ્ર બોઝ 'નેતાજી'ના હુલામણા નામથી ઓળખાતા. તેઓ સદાય પોતાની સાથે ગીતા રાખતા હતા. રોજ સવારે નિત્યકર્મ બાદ ગીતાનો અભ્યાસ કરતા હતા. ગીતા અધ્યયનથી તેમનામાં અટલતા, સાહસિકતા અને નિર્ભયતા જેવા ગુણોનો વિકાસ થયો હતો. નેતાજીએ ''આઝાદ હિંદ ફોજ'' તૈયાર કરી અંગ્રેજોના સૈન્યને હંફાવી દીધું હતું. આ ફોજના કેપ્ટન એસ. એસ. યાદવ કહે છે કે એક વાર ભયાનક ગોળીબારની સ્થિતિમાં પણ નેતાજી જરાપણ વિચલિત થયા વિના લડ્યા હતા. નેતાજીનાં આ ધૈર્ય અને સાહસ જોઈને અન્ય સાથીઓ પણ ઉત્સાહમાં આવી જઈને અંત સુધી લડ્યાં હતા. કેમકે તેઓએ ગીતાનું આ સત્ત્વ આત્મસાત્ કર્યું હતું.

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ (ગીતા 2.38)

(અર્થાત્ સુખ-દુઃખ, લાભ-હાનિ અને જય-પરાજયને સમાન સમજ્યા પછી યુદ્ધ માટે કટિબદ્ધ થઈ જા; આ પ્રમાણે યુદ્ધ કરવાથી તું પાપને પામીશ નહીં.)

''લાલ, બાલ અને પાલ''ની ત્રિપુટીએ પોતાની રાષ્ટ્રવાદી વિચારધારાથી એકમત બની ભારતમાં સ્વાતંત્ર્ય આંદોલનનો મજબૂત પાયો નાખવામાં ચિરસ્મરણીય યોગદાન આપ્યું છે.

''લાલ'' એટલે 'પંજાબ કેસરી' તરીકે જાણીતા, સાયમન કમિશન સામેના વિદ્રોહના મહાન સૂત્રધાર તેવા લાલા લજપતરાય. તેઓ ગીતાના સેવનથી તેના મર્મ સુધી પહોંચ્યા હતા. આ વાત તેમના જ શબ્દોથી સિદ્ધ થાય છે :

''ગીતાનું મુખ્ય માર્મિક તત્ત્વ એ છે કે સંસારમાં બહારનો જેટલો પણ વિરોધ, વિષમતા, અસંબદ્ધતા જોવા મળતા હોય પરંતુ આ બધી જ વિષમતામાં એક અખંડ એકતા, નિત્ય પૂર્ણતા છે. કર્તવ્ય અને ભાવમાં જો વિરોધ જોવા મળે તો માત્ર દેખાવ પૂરતો જ હોય છે. મૂળમાં બંને એક જ છે. ગીતા આ જ મહાન તત્ત્વને ખૂબ સુંદર અને પ્રભાવશાળી રીતે પ્રતિપાદિત કરે છે.''

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ (गीता 2.47)

(અર્થાત્ તારો કર્મ કરવામાં જ અધિકાર છે, એનાં ફળમાં કદીયે નહીં; માટે તું કર્મોના ફળનો હેતુ ન થા; તથા તારી કર્મ ન કરવામાં પણ આસક્તિ ન થાઓ.)

આ ત્રિપુટીમાંથી બીજા ''બાલ'' જે લોકપ્રિય સ્વાતંત્ર્ય સેનાની હોવાના નાતે તેમનું હુલામણું નામ હતું ''લોકમાન્ય''.

''સ્વરાજ મારો જન્મસિદ્ધ (હક્ક) અધિકાર છે. હું તેને મેળવીને જ રહીશ.'' આ સૂત્ર આપનાર લોકમાન્ય બાલગંગાધર ટિળકને જ્યારે અંગ્રેજ સરકારે રાજદ્રોહના આરોપમાં બર્માની માંડલે જેલમાં કેદ કર્યા હતા, તે સમયે તેમણે ''ગીતા-રહસ્ય'' નામના પુસ્તકની રચના કરી હતી. તેમાં તેઓએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના કર્મયોગની બૃહદ વ્યાખ્યા કરી છે. આ પુસ્તકમાં એ દાર્શનિક વિચાર નિહિત છે કે આપણે મુક્તિ તરફ દૃષ્ટિ રાખવાની સાથે સાંસારિક કર્તવ્ય નિભાવવાં જોઈએ. આ પુસ્તકમાં તેઓએ માણસને તેના સાંસારિક જીવનમાં વાસ્તવિક કર્તવ્યનો બોધ કરાવ્યો છે. જે અર્જુનને નિમિત્ત બનાવી શ્રીકૃષ્ણે આમ કહ્યો છે...

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥ (गीता 3.8)

(અર્થાત્ તું શાસ્ત્રવિહિત સ્વધર્મરૂપી કર્તવ્ય કર્મ કર; કેમકે કર્મ ન કરવા કરતાં કર્મ કરવું શ્રેષ્ઠ છે, તેમજ કર્મ ન કરવાથી તારો શરીર-નિર્વાહ પણ સિદ્ધ નહીં થાય.)

ત્રિપુટીના ત્રીજા સ્વાતંત્ર્યસેનાની એટલે ''પાલ''. બિપિનચંદ્ર પાલ 'બંગાળના વાઘ' તરીકે ઓળખાય છે. તેઓએ ઉપનિષદ, ગીતા જેવા ગ્રંથોનું ગહન અધ્યયન કર્યું હતું. આથી જ તેઓએ જાતિવાદ અને અન્ય સામાજિક બદીઓનો ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો. ગીતાજ્ઞાનના પ્રભાવે તેઓ ઉત્તમ વક્તા, શિક્ષણવિદ અને સ્વતંત્રતાના પ્રખર હિમાયતીઓમાં ગણનાપાત્ર સ્થાન પામ્યા હતા.

આમ, 'લાલ-બાલ અને પાલ'ની ત્રિપુટીના સ્વાતંત્ર્યસંગ્રામરૂપી મહાયજ્ઞના મૂળમાં ગીતાની નિષ્કામતાનો આ બોધ રહેલો હતો.

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अधायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥ (गीता 3.16)

(અર્થાત્, હે પાર્થ ! જે મનુષ્ય આ લોકમાં આ પ્રમાણે પરંપરાથી પ્રચલિત સૃષ્ટિચક્રને નથી અનુસરતો, અર્થાત્ પોતાના

કર્તવ્યનું પાલન નથી કરતો, તે ઇંદ્રિયો વડે ભોગોમાં રમનારો પાપાયુ મનુષ્ય ફોગટ જ જીવે છે.)

આ વાત હતી સશસ્ત્ર સ્વાતંત્ર્ય સેનાનીઓનાં આત્મબળ, નિર્ભયતા અને ગીતાજ્ઞાનના સંબંધની. પરંતુ અહિંસાના માર્ગે ભારતને આઝાદી અપાવવાનું શ્રેય જેમના શિરે છે તે ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજી છે. તેઓ ગીતાના પરમ ઉપાસક હતા. મહાત્મા ગાંધીજી કહે છે કે, ''હું જ્યારે હતાશ, નિરાશ અને ચિંતિત થાઉં છું તો ગીતા માતાના શરણમાં જાઉં છું.'' ગાંધીજીના જીવનમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના ઊંડા જ્ઞાનની અમીટ છાપ પણ હતી. ગાંધીજીએ ગીતાના 'અનાસક્તિ યોગ' નો ગુજરાતી અનુવાદ કર્યો છે.

મહાત્મા ગાંધીજી શ્રીમદ્ ભગવદ્ ગીતાને વિશ્વધર્મનું પુસ્તક ગણાવે છે. ગીતામાં સરળ અને સહજ રીતે ગહન મૂલ્યો પીરસાયાં છે. આ મૂલ્યોનો ગાંધીજીના જીવનમાં અને વ્યક્તિત્વ પર ઊંડો પ્રભાવ હતો. ગાંધીજી સ્વયં કહે છે કે ''મારા અભિપ્રાય પ્રમાણે, ગીતા સમજવા માટે ઘણું સરળ પુસ્તક છે. એ કેટલાક મૂળભૂત કોયડા રજૂ કરે છે કે જેના ઉકેલ નિઃસંદેહ સહજ અઘરા છે. પરંતુ ગીતાનું સામાન્ય વલણ, મારા મત પ્રમાણે દીવા જેવું સ્પષ્ટ છે. કોઈ પણ પ્રકારના સ્થાપિત વિવાદથી એ મુક્ત છે. બુદ્ધિ અને હૃદય બંનેને એ સંતોષ આપે છે. એમાં ફિલસૂફી અને ભક્તિ બંને ભરેલાં છે. એની અસર સાર્વત્રિક છે અને ભાષા ન માની શકાય એટલી સરળ છે.''

ગાંધીજીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી ગણાતા ભૂદાન ચળવળના પ્રણેતા આચાર્ય વિનોબા ભાવેએ ગીતા પર ઘણાં પ્રવચનો આપ્યાં અને તેમનાં પુસ્તકો ''ગીતા-પ્રવચનો'' અને ''ગીતા ચિંતનિકા'' આજે પણ લોકપ્રિય અને ચિંતનીય છે. વિનોબાજી ગીતા-મહિમાને અદકેરા શબ્દોમાં વર્ણવતાં કહે છે, ''મારું શરીર માના દૂધ ઉપર જેટલું નિર્ભર રહ્યું છે એનાથી ખૂબ વધારે મારા હૃદય અને બુદ્ધિનું પોષણ ગીતાના દૂધ પર થયું છે.'' શ્રદ્ધા અને પ્રયોગ આ બે પાંખોથી જ હું ગીતાગગનમાં યથાશક્તિ ઉડાન ભરતો રહું છં. ગીતા મારું પ્રાણ તત્ત્વ છે. જ્યારે હું ગીતાના સંબંધમાં કોઈની સાથે વાત કરું છું ત્યારે ગીતાસાગર પાર કરું છું અને જ્યારે એકાંતમાં રહું છું ત્યારે તેના અમૃત સાગરમાં ઊંડી ડૂબકી લગાવવા બેસી જાઉં છું.''

આમ ભારતને સ્વતંત્ર કરવામાં અનેક મહાપુરુષોએ લોકહિતાર્થે પોતાનાં જીવન સમર્પિત કર્યાં. તેના મૂળમાં ગીતાના આ શ્લોકની પ્રેરણા સમાયેલી હશે.

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादय: ।
लोकसंग्रहमेवापि सम्पश्यन्कर्तुमर्हसि ॥ (गीता 3.20)

(અર્થાત્ જનક વગેરે જ્ઞાનીજનો પણ આસક્તિ વિનાના કર્માચરણ દ્વારા જ પરમ સિદ્ધિને પામ્યા હતા, તેથી તથા લોકસંગ્રહને જોતાં પણ તું કર્મ કરવાને જ યોગ્ય છે, અર્થાત્ તારા માટે કર્મ કરવું જ ઉચિત છે.)

ભારતીય સંસ્કૃતિના રક્ષક અને પોષક નામી-અનામી સ્વાતંત્ર્યવીરોએ અને આ બધા જ મહાપુરુષોએ ભગવદ્ ગીતાનું અધ્યયન અને અનુસરણ કરી સમાજને શ્રેષ્ઠ ઉદાહરણો પૂરાં પાડ્યાં છે. આપણા માટે આ મહાપુરુષોનું જીવન અને ગીતાજ્ઞાન અનુસરણીય છે.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जन: ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ (गीता 3.21)

(અર્થાત્ શ્રેષ્ઠ પુરુષ જે જે આચરે છે, અન્ય માણસો પણ તેને જ આચરે છે; તે જે કંઈ પ્રમાણ કરી આપે છે, સકળ માનવ-સમૂહ તે પ્રમાણે વર્તવા લાગે છે.)

સ્વાધ્યાય

- **નીચે આપેલા પ્રશ્નોના ટૂંકા જવાબ આપો.**

  (1) નેતાજી સુભાષચંદ્ર બોઝનો નિત્ય નિયમ શો હતો ?

  (2) 'લાલ, બાલ અને પાલ' ત્રિપુટીનાં નામ જણાવો.

  (3) લોકમાન્ય ટિળકે લોકોને કયું સૂત્ર આપેલું ?

- **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.**

  (1) ભગવદ્ ગીતા વિશે ગાંધીજી શો અભિપ્રાય ધરાવે છે ?

  (2) લોકમાન્ય ટિળકના મતે ગીતાનું તાત્પર્ય શું છે ?

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

  (1) સ્વાતંત્ર્ય સેનાનીઓની ચળવળમાં ભગવદ્ ગીતા કઈ રીતે પ્રેરકબળ બની છે તે તમારા શબ્દોમાં લખો.

  (2) વિનોબા ભાવેનો ગીતા પ્રત્યેનો અભિગમ સ્પષ્ટ કરો.

- **નીચે આપેલા 'અ' વિભાગ સામે 'બ' વિભાગમાંથી બંધબેસતી જોડ રચો.**

	અ		બ
(1)	ખુદીરામ બોઝ	(1)	બંગાળનો વાઘ
(2)	સુભાષચંદ્ર બોઝ	(2)	સત્યના પ્રયોગો
(3)	ગાંધીજી	(3)	પંજાબ કેસરી
(4)	બાલગંગાધર ટિળક	(4)	બંગભંગ આંદોલન
(5)	લાલા લજપતરાય	(5)	આઝાદ હિંદ ફોજ
(6)	બિપિનચન્દ્ર પાલ	(6)	ગીતા-રહસ્ય

વિદ્યાર્થી પ્રવૃત્તિ :

(1) '1857નો મહાસંગ્રામ' લેખકઃ પંડિત સત્યનારાયણ શર્મા અનુવાદઃ રેખાબેન દવે-પુસ્તક મેળવીને વાંચવું.

(2) ઉમાશંકર જોશીનું 'કર્ણ-કૃષ્ણ', 'યુધિષ્ઠિર યુદ્ધવિષાદ', કવિ ન્હાનાલાલનું 'ભરતગોત્રના લજ્જાચીર' વગેરે કૃતિઓ મેળવીને વાંચવી.

(3) You Tube તેમજ google પરથી શ્રીમદ્ ભગવદ્ ગીતા, ક્રાંતિવીરો, ચળવળો, સ્વાતંત્રસેનાનીઓ વગેરેની માહિતી શોધીને વાંચવી.

(4) ગીતા આધારિત ચિંતનાત્મક સૂત્રમાલા તૈયાર કરવી, જેનો સોશિયલ મીડિયા મારફતે પ્રચાર-પ્રસાર કરવો.

શિક્ષકપ્રવૃત્તિ :

(1) ક્રાંતિ તીર્થ શ્યામજી કૃષ્ણ વર્મા-માંડવી (કચ્છ)ની મુલાકાત, પ્રવાસ યોજવો તથા માહિતી આપવી.

(2) ગીતાપાઠ, પ્રવચન, તેમજ ગીતા અને સ્વાતંત્ર્ય સૈનિકોને આવરી લેતી વિવિધ પ્રવૃત્તિઓ શાળા કક્ષાએ યોજવી.

(3) જ્ઞાન, ભક્તિ, કર્મ એવા સેવાકીય પ્રકલ્પોની મુલાકાત લઈને તેમાં પ્રાત્યક્ષિક સહભાગી થવું અને વિદ્યાર્થીઓને સામેલ કરવા.

(4) ગીતા જયંતીની ઉજવણી, પ્રશ્નમંચ જેવી સ્પર્ધાઓ યોજવી તથા પુસ્તકોની સમીક્ષા રજૂ કરવી.

• • •